GJVD010000161992

<u>સેશન્સ કેસ નંબરઃ- ૧૫૩/૧૯૯૨ ના કામે આંક-૦૧ લગત હુકમ.</u>

૧. આજરોજ ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન સરકારી વકીલ શ્રી એ.એમ.દેસાઈ હાજર છે. વિ. સરકારી વકીલશ્રી આંક- ૧૨ ની પુરસીસ રજૂ કરી જણાવે છે કે, સદર કેસ ઘણો જુનો હોય અને લાંબા સમયથી ડોરમેન્ટ ફાઈલ ઉપર હોય જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વડોદરાના પત્ર નં. ઈસી/આર્મ્સ/વશી/ ૧૪૦૪/ ૧૪૫૦/ ૨૦૨૨, તારીખઃ- ૧૦-૦૮-૨૦૨૨ થી હાલનો કેસ પરત ખેંચવા પરવાનગી આપેલ છે. વિદ્વાન સરકારી વકીલશ્રીએ આ પુરસીસની સાથે સદર પત્રની નકલ પણ રજૂ કરેલ છે અને વિનંતી કરેલ છે કે, સરકારશ્રીનો હકક અબાધીત રાખી આ કેસ પરત ખેંચવાની ન્યાયના હીતમાં પરવાનગી આપશો.

૨. આરોપી સામે હાલનો કેસ સને- ૧૯૯૨ નો છે અને અને ભારતીય દંડ સંહીતાની કલમઃ ૩૮૧, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૮૯(એ) થી (ઈ) મુજબનો ગુન્હો આક્ષેપાયેલ છે. કેસનું રેકર્ડ ધ્યાને લેતા આ કેસ ૩૦ વર્ષથી પેન્ડીંગ છે, અને અત્રેની અદાલત દ્વારા અવારનવાર પ્રયત્નો કરવા છતાં આરોપીની હાજરી મળી શકેલ નથી અને કેસ ડોરમેન્ટ ફાઈલ ઉપર છે.

૩. ઉપરોકત હકીકત ધ્યાને લેતા તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના સ્ટેટ ઓફ કેરાલા વિરુધ્ધ અજીથ, ૨૦૨૧ (૦) એઆઈજેઈએલ-એસસી પાન નં. ૬૭૫૩૮ ના ચુકાદાના ફકરા નં. ૨૩ તેમજ વિદ્વાન સરકારી વકીલશ્રી દ્વારા તેમની પુરસીસમાં જણાવેલી હકીકતો ધ્યાને લેતા અત્રેની અદાલતને ફરિયાદ પક્ષનો હાલનો કેસ તેઓનો હકક અબાધીત રાખી પરત ખેંચવાની પરવાનગી આપવી વ્યાજબી અને ન્યાયી જણાય છે. પરિણામે, સદર કેસ ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ ની કલમઃ ૩૨૧ અન્વયે વિડ્રોથી ફેંસલ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખઃ ૨૦મી ઓગષ્ટ ૨૦૨૨ના રોજ જાહેર કર્યો.

**તારીખઃ ૨૦.૦૮.૨૦૨૨**
**સ્થળઃ વડોદરા**

**(રાજેન્દ્ર એચ. પ્રજાપતિ)**
**૧૦મા એડીશ્નલ સેશન્સ જજ,**
**વડોદરા (જીજે-૦૦૮૮૯).**

V.J.Unadkat